# મેડીકલ વિદ્યાશાખામાં ૨૩મીથી પ્રવેશ પ્રક્રિયાનો આરંભ થશે

ગાંધીનગર, તા. ૨૧

રાજ્યમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ મેડીકલ વિદ્યાશાખામાં પ્રવેશ માટેની પ્રવેશ પ્રક્રિયા ૨૩મી મે થી આરંભાશે. મેડીકલ કોલેજોમાં બેઠકોનો વધારો થતાં આ વખતે મેડીકલમાં વધુ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે.

આરોગ્ય અને તબીબી શિક્ષણ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગત ૧૧મી મે ના રોજ ધોરણ:૧૨ વિજ્ઞાનપ્રવાહનું પરિણામ જાહેર થયું હતું. આ પરિણામ આવ્યા બાદ મેડીકલ વિદ્યાશાખામાં પ્રવેશ માટે ૨૩મી મે થી પ્રવેશ પુસ્તિકા (ફોર્મ)નું વિતરણ શરૂ થશે અને તેની સાથે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં હાલ ૬ સરકારી મેડીકલ કોલેજો અને નવ સેલ્ફ ફાયનાન્સ મેડીકલ કોલેજો આવેલી છે. જેમાં સરકારી કોલેજોમાં કુલ ૯૮૦ બેઠકો છે અને ખાનગી મેડીકલ કોલેજોમાં ૧૨૫૦ મળી કુલ ૨૨૩૦ બેઠકો આવેલી છે.

આ વર્ષે ગાંધીનગર અને પાટણ ખાતે નવી બે મેડીકલ કોલેજોને એમસીઆઈની મંજુરી મળે તેવી શક્યતા છે. જો મંજુરી મળે તો આ બન્ને કોલેજોમાં કુલ ૩૦૦ બેઠકો સાથે શરૂ થશે અને ભાવનગરની કાર્યરત મેડીકલ કોલેજમાં પણ ૫૦ બેઠકોનો વધારો થનાર છે. આમ રાજ્યમાં મેડીકલ કોલેજમાં ૩૫૦ જેટલી બેઠકોનો વધારો થાય તેવી શક્યતા સેવાઈ રહી છે.

ગત વર્ષે મેડીકલ વિદ્યાસાખામાં ૭૬.૨૨ ટકાએ પ્રવેશ અટક્યો હતો. આ વર્ષે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ નીચે આવતા મેડીકલ વિદ્યાશાખામાં બે ટકા જેટલું નીચે પ્રવેશ અટકશે.

## આવતીકાલનો ઉજાસ



**રીચા તુષાર શાહ**
**ધોરણ-૮**
**સ્કૂલ ઑફ ઍચીવર**

અભ્યાસમાં તેજસ્વી એવી રીચા ઈતર પ્રવૃત્તિઓમાં પણ વિશેષ રૂચિ ધરાવનાર વિદ્યાર્થીની છે. જન્માષ્ટમી હરિફાઈમાં દર વર્ષે ભાગ લઈ પ્રથમ ક્રમે કાયમ વિજેતા બને છે. ઉપરાંત તે ચિત્રકલા અને ડાન્સ જેવી ઈતર પ્રવૃત્તિઓમાં પહેલેથી જ વધુ રસ ધરાવે છે. રીચા ઈ-ટીવીના કાર્યક્રમમાં પણ ભાગ લઈ ચૂકી છે. સરળ સ્વભાવ ધરાવતી આ વિદ્યાર્થીની સત્યપ્રિય પણ છે અને ખોટા સામે હંમેશા ગુસ્સો કરે છે. ભવિષ્યમાં આઈએએસ ઓફિસર બનવાની મહત્ત્વાકાંક્ષા તે ધરાવે છે.

## ગઢવી સમાજના વિદ્યાર્થીઓને રાહતદરે નોટબુક-ચોપડાનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૧

અખિલ ગુજરાત ચારણ ગઢવી સમાજ ટ્રસ્ટ ગાંધીનગરના મહામંત્રીશ્રી ભરતભાઈ કવિએ અખબારી યાદીમાં જણાવેલ છે કે ગાંધીનગર સ્થિત ગઢવી સમાજના ધોરણ-૫ સુધીના વિદ્યાર્થીઓને બે- ડઝન નોટબુક અને ધોરણ-૫ પછીના વિદ્યાર્થીઓને બે- ડઝન ફુલસ્કેપ ચોપડાનું અગાઉની જેમ રાહતદરે વિતરણ કરવાનું નક્કી કરેલ છે. જેથી ગાંધીનગરમાં રહેતા ગઢવી સમાજના વિદ્યાર્થીઓ / વાલીઓએ તા. ૩૦ મેના રોજ દરેકે સેકટર-૨૪માં દિપકભાઈ ગઢવીને ત્યાં નોટબુક / ચોપડા મેળવી લેવા જણાવવામાં આવેલ છે.



સ્પીટ સ્કેટીંગ કોમ્પીટીશન વિનર્સ : અમદાવાદની સૅન્ટ ઝેવિયર્સ લોયલા સ્કૂલ ખાતે સ્પીડ સ્કેટીંગ કોમ્પીટીશન ગત તા. ૧૯, ૨૦ મે ના રોજ યોજાઈ હતી. આ સ્પર્ધામાં ગાંધીનગરના ખેલાડી નીલાંશુ પ્રતમ ક્રમે, અમી, રૂમીત, ક્લાઈવ અને નીલ દ્વિતિય ક્રમે તથા મંથન તૃતિય ક્રમે વિજેતા બન્યા છે. ગાંધીનગરનું ગૌરવ વધારનારા આ ખેલાડીઓ કોચ પુલકીતસિંહ બડવાલ અને વસીમ મનસુરી પાસે તાલીમ લઈ રહ્યા છે.

## નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર અને સહયોગી સંસ્થા દ્વારા રક્તદાન શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૨૧

નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર, જુનિયર સિટીઝન્સ કાઉન્સિલ અને યુવા દિશા કેન્દ્ર ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૨૧મી મે-૨૦૧૨ને સોમવારે આતંકવાદ વિરોધ દિન નિમિત્તે રક્તદાનનો કાર્યક્રમ યોજાયો હતો.

બ્લડ બેંક સિવિલ હોસ્પિટલ ખાતે યોજાયેલા રક્તદાન કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર મહેન્દ્રસિંહ રાણાએ 'આતંકવાદ વિરોધ દિવસ' અંગેના શપથ લેવડાવ્યા અને સૌ એકજૂથ થઈ રાષ્ટ્રને સમર્પિત બને તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે રક્તદાન કરનાર યુવા મિત્રોનું પુષ્પોથી અભિવાદન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં નિશીથભાઈ, સંજીવ મહેતા, રજનીકાન્ત સુથાર, દશરથ લીંબાચીયા, દિનેશભાઈ પટેલ, ભાનુભાઈ, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેટર અશોકભાઈ શ્રીમાળી, જયદેવસિંહ ઠાકોર, કશ્યપ નિમાવત, મયુર જોષી, નારણ મકવાણા, હીનાબેન, કાર્તિક, અમીન ચૌધરી, બ્લડ બેંકના મેડીકલ ઓફિસર મનોજ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## એફવાય બીએસસીમાં ૧૨મી જૂનથી પ્રવેશ ફોર્મ વિતરણ થશે

### કૉલેજોમાં ૧૨થી ૧૪ જૂન સુધી ફોર્મ સ્વીકારાશે : ૭૮૦૦ બેઠકો : પહેલી જુલાઈથી નવા સત્રનો વિધિવત પ્રારંભ થશે

અમદાવાદ, તા. ૨૧

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સાયન્સ કોલેજોમાં પ્રથમવર્ષ બીએસસીમાં પ્રવેશ માટેની પ્રક્રિયાનો તા. ૧૨મી જૂનથી શરુ થશે. હાલ સાયન્સની ૨૮ કોલેજોમાં કુલ ૭૮૦૦ બેઠકો છે. પ્રવેશ ફોર્મ પ્રત્યેક કોલેજમાં મળશે અને સ્વીકારાશે. સાયન્સ કોલેજોમાં નવા શૈક્ષણિક સત્રનો પહેલી જુલાઈથી પ્રારંભ થશે.

ગુજ. યુનિ. સંલગ્ન કોલેજોમાં ગતવર્ષે આશરે એક હજાર બેઠકો ખાલી રહી હતી. ગત વર્ષે એન્જિ.માં ૩૫ ટકાએ પ્રવેશ મળી જવાથી સાયન્સ કોલેજોને ફટકો પડ્યો હતો. હાલ શહેર અને ગ્રામ્યની સાયન્સની ૨૮ કોલેજોમાં અંદાજે ૭૮૦૦ બેટકો છે. ચાલુ વર્ષે સાયન્સ કોલેજોમાંતા. ૧૨મી જૂનથી પ્રવેશ ફોર્મના વિતરણની અને સ્વીકારવાની પ્રક્રિયા હાથ ધરાશે. જેમાં તા. ૧૪મી જૂન સુધી ફોર્મ સ્વીકારાશે. ત્યારબાદ ૧૮મી જૂનથી પ્રથમ પ્રવેશયાદી જાહેર થશે. જેની ફી તા. ૧૮ અને ૧૯મી જૂને દરમિયાન સ્વીકારાશે.

ત્યારબાદ તા. ૨૦મી જૂને બીજી પ્રવેશ યાદી જાહેર થશે. જેની ફી તા. ૨૦ અને ૨૧મી જૂન દરમિયાન સ્વીકારાશે. ત્યારબાદ તા. ૨૨મીએ ત્રીજી પ્રવેશ યાદી જાહેર થશે. જેની ફી તા. ૨૨ અને ૨૩મી જુન દરમિયાન ફી સ્વીકારાશે. ઉલ્લેખનીય છે કે શહેરમાં ૮ અને ગ્રામ્યમાં ૨૦ જેટલી કોલેજો છે. ગુજ. યુનિ. દ્વારા સેમીસ્ટર પદ્ધતિનો અમલ કરાયા બાદ યુનિવર્સિટીના શૈક્ષણિક કેલેન્ડરમાં ફેરફાર થઈ ગયો છે. જેના કારણે ચાલુવર્ષે પ્રવેશ કાર્યવાહીની તારીખ લંબાવી પડી છે. વિદ્યાર્થીઓને પ્રવેશ વર્ષ બીએસસીમાં ઈલેક્ટ્રોનીક, સેટસ્ટીક, જીઓલોજી અને કોમ્પ્યુટર સાયન્સ જેવા વિષયો પસંદ કરી શકશે. વિદ્યાર્થીઓએ અરજીપત્રની સાથે ફોટો પણ મૂકવો પડશે. ગુજ. યુનિ.ના કુલપતિએ જણાવ્યું હતું કે સાયન્સના વિષયો વધારે હોવાથી વિદ્યાર્થીઓને ઘણી તકો રહેલી છે. જેના કારણે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે.

## ક્રિષ્ના સ્કૂલ ઑફ સાયન્સની વિદ્યાર્થીનીઓ ઝળકી

ગાંધીનગર, તા. ૨૧

શહેરમાં કાર્યરત પ્રતિષ્ઠિત શાળા ક્રિષ્ના સ્કૂલ ઑફ સાયન્સની બે વિદ્યાર્થીનીઓએ ચાલુ વર્ષે લેવામાં આવેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ઉચ્ચ પરિણામ પ્રાપ્ત કરીને શાળાને તથા પોતાના પરિવારજનોને ગૌરવ અપાવ્યું છે.





ધીરલ જયેશભાઈ શાહે બાયોલૉજીમાં ૯૭, કેમિસ્ટ્રીમાં ૯૨, ફિઝીક્સમાં ૯૨ અને ગુજકેટમાં ૯૧ ટકા માર્ક્સ તથા નિરાલી એંસ ગૌદાનીએ બાયોલૉજીમાં ૯૩, કેમિસ્ટ્રીમાં ૮૮, ફિઝીક્સમાં ૮૯ ને ગુજકેટમાં ૮૨ માર્ક્સ મેળવ્યા છે.

## યુગનાયક સ્વામી વિવેકાનંદ

- રજનીકાંત ભટ્ટ

॥ સાતમો મણકો ॥

વિશ્વ ધર્મ પરિષદની પૂર્ણાહુતિ સાથે સ્વામીજીના શાંતિના દિવસો સમાપ્ત થઈ ગયા. હવે સમગ્ર અમેરિકા તેમનાં પ્રવચનો અને પ્રવાસો શરૂ થઈ ગયા. સ્વામીજી ઉત્સાહી અમેરિકી શિષ્યોનું એક દળ ગઠિત કરવા ઈચ્છતા હતા. તેઓ પશ્ચિમમાં ડિસેમ્બર, ૧૯૮૬ સુધી રહ્યા. આ ત્રણ વર્ષ ને સાત માસનો સમય અતિશય પ્રવૃત્તિસભર રહ્યો. ન્યૂયૉર્કમાં અસંખ્ય પ્રવચનો અને વર્ગો લીધા પછી ત્યાં વેદાંત સોસાયટીની સ્થાપના સ્વામીજીએ કરી. સ્વામીજીએ કરેલા વિપુલ કાર્યથી ભારત વિશેની ખોટી ધારણાઓ એનાથી દૂર થઈ, વેદાંતના ઉદાર વિચારો પ્રભાવક બન્યા.

કુમારી જોસેફાઈન મેકલાઉડ, શ્રીમીતી ઓલેબુલ વગેરે જેવી મહાન ઉદાર વ્યક્તિઓ સ્વામીજીના સાચા મિત્રો બન્યાં. પોતાનું સંપૂર્ણ જીવન તેમણે સ્વામીજીની પ્રેરણા અનુસાર ભારતની સેવા માટે સમર્પિત કર્યું. સન ૧૮૯૫નું આખું વર્ષ સ્વામીજીએ ખૂબ કામ કર્યું. પરિણામે તેમને આરામની આવશ્યકતા લાગી. સ્વામીજીની એક વિદ્યાર્થીનીએ સેન્ટ લોરેન્સ નદીમાં આવેલા 'થાઉઝન્ડ આઈલેન્ડ પાર્ક' નામના એક ટાપુ પર આવેલ પોતાનું મકાન આપવા તૈયારી બતાવી. આ સ્થળ અત્યંત સુંદર હતું.

અહીં અંતેવાસી શિષ્યોને સ્વામીજીએ તાલીમ આપી. અહીં કુમારી એલન વાલ્ડોએ સ્વામીજી માટે ઘણું કામ કર્યું. તેણીએ 'ધ ઈન્સ્પાયર્ડ ટોક્સ'માં સ્વામીજીના એ અગ્નિમંત્રો શબ્દસ્થ કર્યા છે. આ સ્થળ તીર્થસ્થાન બની ગયું છે. આ સમય દરમ્યાન સ્વામીજીએ કેટલાક અમેરિકન શિષ્યોને મંત્ર દીક્ષા તેમજ સંન્યસ્ત દીક્ષા આપી.

હવે સ્વામીજીએ ઈંગ્લેન્ડ તરફ ધ્યાન કેન્દ્રીત કર્યું. ૧૭ ઑગષ્ટ, ૧૮૯૫ના રોજ લેગેટ સાથે લંડન જવા નીકળ્યા. વચ્ચે પેરિસ, આલ્પ્સ પહાડ, જીનીવા, સ્વીટ્ઝર્લેન્ડ વગેરે સ્થળોએ રોકાયા. જર્મનીના દાર્શનિક પોલ ડોયસનને પણ મળ્યા. લંડનમાં સ્વામીજી કુ. હેનરિટા મૂલેર અને ઈ ટી સ્ટર્ડીના મહેમાન બન્યા. અહીં ચાર માસના રોકાણ દરમ્યાન વિશ્વ-વિખ્યાત જર્મન તત્ત્વચિંતક પ્રૉ. મૅક્સમૂલરને પણ મળ્યા.

સ્વામીજીએ અથાક પરિશ્રમ દ્વારા વિદેશની ધરતી પર ભારતીય સંસ્કૃતિ અને વેદાંતના પ્રચાર માટે લોહીનું ટીપેટીપું નીચોવી નાખ્યું. સન ૧૮૯૬માં તેમણે બે વખત લંડનની મુલાકાત લીધી. ઈંગ્લેન્ડે કૅપ્ટન અને શ્રીમતી જે એચ સેવિયર, માર્ગારેટ નોબેલ (ભગિની નિવેદીતા), કુ. હેનરિટા મૂલર અને ગુડવીન જેવા મૂલ્યવાન મિત્રો અને શિષ્યો આપ્યા.

ભગિની નિવેદિતામાં પ્રખર વિદ્વત્તા અને હિંમતના સુયોગ જોવા મળે છે. તેમની જ્ઞાન મેળવવાની આતુરતા અદ્ભૂત હતી. સ્વામીજીની પ્રેરણા અને માર્ગદ્શનથી તેમણે ભારતીય સંસ્કૃતિને આત્મસાત્ કરી. તેમણે ભારતમાં નારી જાગરણ અને નારી શિક્ષણની શરૂઆત કરી. તેમણે પોતાનું સમગ્ર જીવન ભારતને સમર્પિત કર્યું. આથી સ્વામીજીએ તેમનું નામ પાડ્યું ભગિની નિવેદિતા.

જે જે ગુડવીન લઘુલિપિમાં અત્યંત પ્રવીણ હતા અને સ્વામીજીના ઘણા ઉપદેશો અને પ્રવચનો માટે વિશ્વના લોકો હંમેશા તેમના ઋણી રહેશે.


પોતાના ગુરુભાઈ સ્વામી સારદાનંદને લંડનમાં અને સ્વામી અભેદાનંદને અમેરિકામાં વેદાંત પ્રચારનું કાર્ય સ્વામીજીએ સોંપ્યું. હવે, માતૃભૂમિ ભારતનો પોકાર સ્વામીજીને સંભળાઈ રહ્યો હતો. માતૃભૂમિ ભારત પોતાના દિગ્વિજયી પુત્રનું સ્વાગત કરવા અને તેના સંદેશને સાંભળવા તત્પર હતી.

સ્વામીજીએ યુરોપના માર્ગે ભારત આવવા લંડન છોડ્યું. સ્વામીજી પોતાની માતૃભૂમિ ભારતના વિચારોમાં મગ્ન થઈ ગયા. સન ૧૮૯૩થી સન ૧૮૯૭ સુધી સ્વામીજી અમેરિકા અને યુરોપના વિવિધ શહેરોમાં ગયા. ત્યાંના લોકોને આપણા સનાતન ધર્મની મહાનતા, વિશાળતા અને ગહનતાની અનુભૂતિ કરાવી. ભારતની સુષુપ્ત, નિદ્રિત શક્તિને જાગ્રત કરી. ભારતને આત્મશ્રધ્ધા અને આત્મગૌરવની અનુભૂતિ કરાવી.

પરદેશથી સ્વામીજી જ્યારે પાછા આવી રહ્યા હતા ત્યારે એક અંગ્રેજ મિત્રે તેમને પૂછ્યું, 'ચાર વરસના વિલાસી, વૈભવશાલી અને શક્તિશાળી પશ્ચિમી દેશોના અનુભવ પછી તમારી માતૃભૂમિ તમને કેવી લાગશે ?' સ્વામીજીના જવાબમાં ભારત પ્રત્યેનો તેમનો અસીમ અને અમર પ્રેમ અભિવ્યક્ત થતો હતો. સ્વામીજીએ જવાબમાં કહ્યું, 'વિદેશ જતાતં પહેલાં પણ હું મારી માતૃભૂમિને ચાહતો હતો. પરંતુ હવે તો મને એવું લાગે છે કે જાણે ભારતનો એક એક રજકણ મારે માટે પવિત્ર છે. ભારતનો વાયુ મારે મન પવિત્ર છે. ભારત પુણ્યભૂમિ છે, તીર્થભૂમિ છે.' સ્વામી વિવેકાનંદના સ્વદેશા-ગમનના સમાચાર ભારત પહોંચી ચૂક્યા હતા. દેશભરમાં એમના વીરોચિત, ભવ્યાતિભવ્ય સન્માનની તૈયારીઓ શરૂ થઈ ગઈ હતી. ભારતના નાના-મોટા શહેરોમાં સ્વામીજીના સ્વાગત માટે સમિતિઓની રચના કરવામાં આવી હતી. આ તો ભારતમાતાના મહાન સપૂત સ્વામી વિવેકાનંદની વિજયોલ્લાસપૂર્ણ વાપસીનો મહોત્સવ હતો.

અમેરિકા અને યુરોપમાં ભારતીય અધ્યાત્મનો વિજયધ્વજ લહેરાવીને સાડા ત્રણ વર્ષ પછી જ્યારે સ્વામીજી પાછા ભારત આવ્યા ત્યારે ભારતમાતાના આ પનોતા પુત્રનું દેશવાસીઓએ ભવ્ય અને ઐતિહાસિક સ્વાગત કર્યું. આ સ્વાગત ભારતી ઈતિહાસની એક વિરલ ઘટના છે. (અપૂર્ણ)

# ભારતીય સાહિત્યના મર્મજ્ઞ અભ્યાસી ડૉ. ભોળાભાઈ પટેલ



ગાંધીનગર જિલ્લાના સોજા ગામના વતની તરીકે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડીના પ્રમુખ તરીકે અને ભારતીય સાંસ્કૃતિક વિરાસતના ઉદ્ગાતા તરીકે પણ આપણી સાથે જોડાયેલા પદ્મશ્રી ભોળાભાઈ પટેલનું દેહાવસાન થયું છે, ત્યારે એમને શ્રદ્ધાંજલિ પાઠવતાં એમની સિદ્ધિયાત્રા ઉપર પણ એક નજર નાખીએ.

ભોળાભાઈએ પ્રાથમિક શિક્ષણ પોતાના વતનમાં જ લીધું. માધ્યમિક શિક્ષણ ઉત્તર ગુજરાતના કાશી તરીકે ખ્યાત સર્વ વિદ્યાલય, કડીમાં. અહીંના ગુરુજનો મોહનલાલ પટેલ, અંબાલાલ પટેલ વગેરેએ સાહિત્ય સંસ્કારની દિક્ષા આપી અને વિદ્યાલયના સમૃદ્ધ ગ્રંથાલયે ઉદ્દીપનનું કામ કર્યું. અહીં ટાગોર, શરદબાબુ, તારાશંકર, વિ સ ખાંડેકર, સાને ગુરુજી, ર વ દેસાઈ, મુનશી, ધૂમકેતુ વગેરે ખૂબ વાંચ્યા. કહો કે અહીં સાહિત્ય પદારથની બારી ખૂલી ગઈ. કિશોરવયે જુવાર ટોતાં ટોતાં મેઘદૂત, ઉત્તર રામચરિત વગેરેના અનુવાદો વાંચ્યા અને સંસ્કૃત તેમનો પ્રથમ પ્રેમ થઈ પડ્યો. મેઘદૂત તો એમને આજીવન કંઠસ્થ રહ્યું.

બંગાળી પ્રત્યે અહીંથી જ ઘેલું લાગ્યું. એસએસસીમાં હતા ત્યારે ૧૯૫૧માં જ માર્ગદર્શન મેળવવાની અપેક્ષાએ શાંતિનિકેતનને એક પત્ર પણ લખેલો કે ત્યાં અભ્યાસ કરવા આવવાની ઈચ્છા છે. જોકે ત્યારે તો કોઈ પ્રત્યુત્તર મળ્યો ન હતો, પણ છેક ૧૯૮૩માં ગૌરવ બક્ષતો જવાબ મળ્યો - શાંતિનિકેતનના કુલપતિએ એક વર્ષની ફૅલોશીપ આપીને નિમંત્રીત કર્યા. આ ઉપરાંત ૧૯૮૬માં બંગાળ સરકારના નિમંત્રણથી રવીન્દ્રનાથ ટાગોરની ૧૨૫મી જન્મજયંતિની ઉજવણીમાં સહભાગી થવાનું સૌભાગ્ય સાંપડ્યું. આ બધું શક્ય બન્યું ધ્યેયનિષ્ઠ સાધનાથી. બંગાળી શીખવા માટે ૧૯૬૩થી ૧૯૭૮ સુધી નગીનદાસ પારેખનું શિષ્યત્વ સ્વીકાર્યું. સમયાંતરે બંગાળીમાંથી ઉત્તમ અનુવાદો પણ આપ્યા. એસએસસી પછી માણસા હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા. નોકરી દરમ્યાન ઉચ્ચ શિક્ષણ મેળવ્યું. ૧૯૬૦માં ગુજરાત યુનિવર્સિટીમાંથી હિન્દી વિષય સાથે એમએની ડિગ્રી પ્રથમ સ્થાને રહીને મેળવી. એમએ (અંગ્રેજી) ૧૯૭૦, ડિપ્લોમા ઈન જર્મન (૧૯૭૧).

૧૯૬૦-૧૯૬૯ સુધી સરદાર વલ્લભભાઈ કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે અને ત્યારબાદ ૧૯૬૯થી ૧૯૯૪ સુધી નિવૃત્તિપર્યંત ગુજરાત યુનિવર્સિટીના હિન્દી વિભાગમાં પ્રારંભમાં, વ્યાખ્યાતા, રીડર અને ત્યારબાદ પ્રૉફેસર અને અધ્યક્ષ તરીકે સેવાઓ આપી. સાહિત્ય અકાદમી, નવી દિલ્હીની કારોબારી સમિતિના સભ્ય તરીકે બે સત્ર અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર તથા ગુજરાત વિદ્યાસભા, અમદાવાદના અધ્યક્ષ તરીકે પણ એમણે પોતાની સંનિષ્ઠ સેવાઓ આપી.

ભારતીય સાહિત્યના મર્મજ્ઞ અભ્યાસી ડૉ. ભોળાભાઈ પટેલ સાહિત્ય અકાદમી, નવી દિલ્હીના સર્વોચ્ચ સન્માન - ફૅલોશીપ - થી પણ વિભૂષિત છે. ઉલ્લેખનીય છે કે તેમના પૂર્વે ગુજરાતીમાં ફક્ત કાકાસાહેબ કાલેલકર, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, ઉમાશંકર જોષી અને રાજેન્દ્ર શાહને આ સન્માન એનાયત કરવામાં આવ્યું હતું. હિન્દી ભાષા, સાહિત્ય તથા તુલનાત્મક સાહિત્યના પ્રતિભાસંપન્ન વિદ્વાન અધ્યાપક તરીકે સારાય ભારતવર્ષમાં એમનું નામ જાણીતું છે.

પૂર્વોત્તર ભારતીય ભાષાઓ - સવિશેષતઃ બંગાળી, ઉડિયા અને અસમિયામાંથી ઉત્તમ અંશોનું અવતરણ કરીને ગુજરાતી ભાષાને એમણે સમૃદ્ધ કરી છે. એમનું નિબંધ સાહિત્ય - પ્રવાસ નિબંધો ગુજરાતી સાહિત્યનું આગવું ઘરેણું છે. આ નિબંધોમાં તેમની છલકતી રસિકતા, સૌંદર્યાન્વેષી દૃષ્ટિ અને ઐતિહાસિક, સાંસ્કૃતિક સંદર્ભોનું ગહન જ્ઞાન તથા સ્થળવિશેષની લોકપ્રચલિત માન્યતાઓની ઔચિત્યપૂર્ણ સ-રસ ગૂંથણી ઊડીને આંખે વળગે છે. એમના નિબંધો વાંચતાં જ જે તે સ્થળ વિશેષનો પ્રવાસ કરવાની ઉત્કટ ઈચ્છા થાય અથવા જો તે સ્થળ જોયું હોય તો પ્રશ્ન ઉદ્ભવે કે આવું તો આપણે ક્યાં કશું જોયું? નિબંધોની રચનારીતિ પણ એવી કે જાણે તે બોલે છે અને આપણે સાંભળીએ છીએ. અભિવ્યક્તિ સરળ અને હૃદ્ય. વિવેચન ગુણાનુરાગી અને આસ્વાદમૂલક રહ્યું છે. બીજા શબ્દોમાં તેઓશ્રી 'વિકસીત સંવેદનશીલતા અને પરિષ્કૃત રસ-રૂચિના વિવેચક છે.'

આધુનિકતા અને પાશ્ચાત્ય પ્રભાવના વિશેષ સંદર્ભમાં 'અજ્ઞેય : એક અધ્યયન' (૧૯૭૭) પીએચડીની ડિગ્રી માટે એમણે તૈયાર કરેલ શોધપ્રબંધ અજ્ઞેય ઉપરનાં આજ સુધીનાં સંશોધનોમાં અદ્વિતિય સ્થાન ધરાવે છે. 'પરબ'ના તંત્રીલેખોમાં સાહિત્યિક પત્રકારત્વના આદર્શની દિશા એમણે ખોલી આપી છે તેમજ જ્યાં જરૂર જણાઈ છે ત્યાં દો ટૂક શબ્દોમાં પોતાનું મંતવ્ય કરતાં ખચકાયા નથી. વિદગ્ધ અને પ્રભાવક વક્તા તથા વિદ્યાર્થી વત્સલ અધ્યાપક તરીકે પણ વિશેષ ખ્યાત. વિદ્યાર્થીઓ પણ ગુરુને ગૌરવ અપાવે તેવા મળ્યા. સર્વશ્રી રઘુવીર ચૌધરી, બિન્દુ ભટ્ટ, વીરેન્દ્રનારાયણ સિંહ, મૃદુલા પારીક, રંજના અરગડે, ઉજમ પટેલ, આલોક ગુપ્તા વગેરે. આ ઉત્સાહી વિદ્યાર્થીઓએ ગુરુની ૬૧મી જન્મ જયંતિ ઊજવી 'તેષાં દિક્ષુ' નામે પરિસંવાદ યોજીને અને ત્યારબાદ 'ભોળાભાઈ પટેલ : સર્જક અને વિવેચક' અભ્યાસગ્રંથનું પ્રકાશન પણ કર્યું.

### ગરવા સાહિત્યકાર સ્વ. ભોળાભાઈ પટેલનું કૃતિત્વ

**વિવેચન :** અધુના , પૂર્વાપર, કાલપુરુષ, ભારતીય ટૂંકી વાર્તા, આધુનિકતા અને ગુજરાતી કવિતા, અજ્ઞેય : એક અધ્યયન, સાહિત્યિક પરંપરાનો વિસ્તાર, મળી માતૃભાષા મને ગુજરાતી, ભારતીય ઉપન્યાસ પરંપરા ઔર ગ્રામકેન્દ્રી ઉપન્યાસ, આવ, ગિરા ગુજરાતી, વાગ્વિશેષ.

**પરિચય પુસ્તિકા :** સુરદાસની કવિતા, રવીન્દ્રનાથની સાહિત્યસૃષ્ટિ, અજ્ઞેય, ઉમાશંકર જોશી, જૈનેન્દ્રકુમાર, કવિકથા : રવીન્દ્રનાથ અજ્ઞેય - ઉમાશંકર.

**નિબંધ :** વિદિશા, કાંચનજંઘા, બોલે ઝીણા મોર, શાલભંજિકા, ચૈતર ચમકે ચાંદની, વિદિશા (હિન્દી), ચિત્રકૂટના ઘાટ પર, તેષાં દિક્ષુ : ચૂંટેલા નિબંધો.

**ભ્રમણવૃત્ત :** પૂર્વોત્તર, રાધે તારા ડુંગરિયા પર, દેવોની ઘાટી, દેવાત્મા હિમાલય, દશ્યાવલી, યુરોપ અનુભવ, દેવોંકી ઘાટી (હિન્દી).

**ગુજરાતીમાં અનુવાદ :** અસમિયામાંથી : સૂરજમુખીનું સ્વપ્ન (સૈયદ અબ્દુલ મલિક), ઈયારુઈંગમ (વીરેન્દ્રકુમાર ભટ્ટાચાર્ય), સમકાલીન અસમિયા કવિતા (સંકલન), કામરૂપા (નિર્મલપ્રભા પરદલૈ, નીલમણઈ ફુકન, હીરેન ભટ્ટાચાર્ય). **અંગ્રેજીમાંથી :** વિષ્ણુ દિગમ્બર (વી આર આથવલે), ગુરુ નાનક (ડૉ. નાનકસિંઘ), શંકરદેવ (ડૉ. મહેશ્વર નિયોગ), સંપત્તિનું સર્જન (આર એમ લાલા), બંગાળી સાહિત્યના ઈતિહાસની રૂપરેખા (ડૉ. સુકુમાર સેન). **બંગાળીમાંથી :** વનલતા સેન (જીવાનંદ દાસ), સ્વર્ગની નીચે મનુષ્ય (સુનીલ ગંગોપાધ્યાય), ચાર અધ્યાય (રવીન્દ્રનાથ ઠાકુર), નગ્ન નિર્જન હાથ (જીવાનંદ દાસ), બુદ્ધનું નિર્વાણ અને બીજી વાતો (સંકલન), ગીત પંચશતી (ઉમાશંકર જોશી અને અન્ય સાથે), ચૈતન્ય મહાપ્રભુ (નગીનદાસ પારેખ સાથે), આધુનિક બંગાળી કવિતા. **હિન્દીમાંથી :** ચિદમ્બરા (સુમિત્રાનંદ પંત), મોહન રાકેશ (પ્રતિભા અગ્રવાલ), આંગણની પારદ્વાર (અજ્ઞેય), બીજાના પગ (શ્રીકાન્ત વર્મા), પુરુષોત્તમ (જગદીશ નારાયણ), સત્યાનુસરણ (શ્રી શ્રી અનુકૂલચંદ્ર), હર્ષચરિત : એક સાંસ્કૃતિક અધ્યયન (વાસુદેવ શરણ અગ્રવાલ), ગોત્રયાન (અયપ્પ પાણિક્કર).

**ગુજરાતીમાંથી હિન્દી :** નિશીથ એવમ્ અન્ય કવિતાએં (ઉમાશંકર જોશી), પ્રાચીના (ઉમાશંકર જોશી), અખા (ભૂપેન્દ્ર ત્રિવેદી). **સંપાદિત ગ્રંથોની સંખ્યા :** ૨૫

### પદ્મશ્રી ભોળાભાઈ પટેલને મળેલા પુરસ્કાર - એવોર્ડ

| | |
|---|---|
| ૨૦૧૦ | સાહિત્ય અકાદમી, નવી દિલ્હી દ્વારા સર્વોચ્ચ સન્માન, ફૅલોશીપથી વિભૂષિત |
| ૨૦૦૮ | 'પદ્મશ્રી'થી વિભૂષિત (ભારતના રાષ્ટ્રપતિ દ્વારા) |
| ૨૦૦૫ | સ્વામી સચ્ચિદાનંદ પુરસ્કાર (ગુજરાતી સાહિત્ય પરિષદ) |
| ૨૦૦૫ | ગૌરવ પુરસ્કાર (ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર) |
| ૨૦૦૫ | મનુભાઈ પંચોળી દર્શક પુરસ્કાર (દર્શક ફાઉન્ડેશન) |
| ૨૦૦૩ | સારસ્વત ગૌરવ ઍવોર્ડ (અમદાવાદ) |
| ૨૦૦૩ | કેન્દ્રીય હિન્દી નિદેશાલય, નવી દિલ્હી દ્વારા અહિન્દી ભાષી લેખકને હિન્દી લેખન : ભારતીય ઉપન્યાસ પરંપરા ઔર ગ્રામકેન્દ્રી ઉપન્યાસ માટે એક લાખ રૂપિયાનો પુરસ્કાર |
| ૧૯૯૯ | સાહિત્ય અકાદમી, નવી દિલ્હી (અનુવાદ પુરસ્કાર) |
| ૧૯૯૮ | યુજીસી ઈમેરિટ્સ પ્રૉફેસર |
| ૧૯૯૭ | ઘનશ્યામદાસ સરાફ પુરસ્કાર (દેવાત્મા હિમાલય માટે) |
| ૧૯૯૬ | શ્રી અનંતરાય રાવળ વિવેચન ઍવોર્ડ |
| ૧૯૯૫ | રણજિતરામ સુવર્ણચંદ્રક (ગુજરાત સાહિત્યસભા, અમદાવાદ) |
| ૧૯૯૪ | જેઠાલાલ જોશી પુરસ્કાર (ગુજરાત પ્રાન્તીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ) |
| ૧૯૯૩ | સાહિત્ય અકાદમી, નવી દિલ્હી દ્વારા પુરસ્કૃત (૧૯૯૨, દેવોની ઘાટી) |
| ૧૯૯૦ | હિન્દીના રાષ્ટ્રીય અધ્યાપક (યુજીસી) |
| ૧૯૮૯ | સૌહાર્દ પુરસ્કાર (ઉત્તર પ્રદેશ હિન્દી સંસ્થાન, લખનઉ) |
| ૧૯૮૦ | કાકાસાહેબ કાલેલકર પુરસ્કાર (વિદિશા માટે) |